

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

દિ' ઉગે, દેશમાં, કયાંક ને કયાંક, ચૂંટણી થાય છે,
પ્રચારે, પક્ષોમાં, એકમેકની, ચૂંથણી થાય છે.
ચૂંભણી ખણે છે હલકા-સ્તરનાં નિવેદનોથી -
બૂટલેગર - ઉદ્યોગપતિની ચૂસણી થાય છે.

### હાઈકુ

ભાવ તો ધખે -
વિકાસ છે પડખે -
સંબંધો ડખે...

મળી જાય છે
નવરા નેતાઓ ને -
કામ ને 'ધંધો'

### ચિંતન

યત્ પૃથિવ્યાં પ્રહિયવં હિરાયં પશવઃ સ્રિયઃ ।
એકસ્યાપિ ન પર્યાપ્તં તસ્માત્ તૃષ્ણાં પરિત્યજેત્ ॥

ઉપરોક્ત શ્લોક મહાભારત આદિ પર્વ માંથી લેવામાં આવેલ છે.

આ પૃથ્વી ઉપર જે કંઈ સંપત્તિ, અનાજ, સોનું, પશુઓ અને સ્ત્રીઓ છે એ બધું એક માણસ માટે પણ પૂરતું નથી. તૃષ્ણાનો ત્યાગ એ જ એકમાત્ર માર્ગ છે.

રાજા યયાતિ એક હજાર વર્ષ સુધી પુત્રના ઉધાર લીધેલા યૌવન દ્વારા ભોગ વિલાસો માણ્યા પછી પણ એ પરિતૃપ્ત થયો નહિ. એ પછી એને જ્ઞાન લાધ્યું કે પોતાની પાસે બધી જ સમૃદ્ધિ અપાર હોવા છતાં પરમ સંતોષ શક્ય નથી બન્યો.

આનો અર્થ એટલો જ થયો કે માણસની તૃષ્ણા ક્યારેય પૂરી થતી નથી. તૃષ્ણાનો ત્યાગ અને સંયમ તથા સંતોષ એ જ ઉત્તમ માર્ગ છે.

### સુવિચાર

- વિશ્વાસમાં લીધા ન હોય તેવા નિર્બળોને બળવાનો પણ મારી શકતા નથી અને વિશ્વાસમાં લીધા હોય એવા બળવાનોને નિબંળો પણ મારી નાખે છે - **સંસ્કૃત સુભાષિત**
- સાચો આત્મવિશ્વાસ હૃદયની શુદ્ધતા અને મનની પારદર્શકતામાંથી પ્રગટે છે તેથી ઈર્ષ્યા, દ્વેષ, અહંકાર છોડી મન-હૃદયને શુદ્ધ રાખવા જોઈએ - **કાંતિ પટેલ**
- કોઈ તમને ટીકાનો ટીકો લગાડી જાય તો ગભરાશો નહીં, કેમ કે, તે કપાળમાં લાગશે તો શોભા બનશે, પણ કપાળની અંદર ઘૂસી જશે તો ભયંકર બની જશે - **સેમ્યુઅલ જહોન્સન**
- હકારાત્મકતા પારસમણિ છે, નકારાત્મકતાના ચીંથરાને કારણે એનો સ્પર્શ આપણને થતો નથી - **ડો. હરિશ પારેખ**
- આપણે એટલાં બધાં વિદગ્ધ થઈ ગયાં છીએ કે મુગ્ધ થઈ શકતાં નથી - **મોરારિ બાપુ**
- સજ્જનોનું લેવાનું પણ આપવા માટે જ હોય છે, જેમ કે વાદળનું, એ ધરતીની નદીઓથી પાણી લે છે અને પછી એને જ પાછું આપી દે છે - **કાલિદાસ**
- આજનું ઔષધ : સરગવાની શીંગને બાફીને તે તર ગુમડા પર બાંધવાથી ગુમડુ તરત રુઝાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન જર્મનીની નાઝી સેના બધી બાજુએ સફળતા મેળવી રહી હતી. અને એમની સામે અમેરિકન, બ્રિટન અને ફ્રાન્સ સૈન્યો પણ પીછેહઠ કરી રહ્યા હતા. એવામાં પેરિસમાં રહેતા એક સ્પેનીશ ચિત્રકારે 'ગોર્નિકા' નામનું ચિત્ર દોર્યું. જે ચિત્ર ખૂબ લોકપ્રિય બન્યું. નામી મેજરે પેરિસની ગલી ગલી શોધ કરીને ચિત્રકારને પકડી લાવવા હુકમ કર્યો. સૈનિકોએ આ ચિત્રકારને શોધીને મેજર સમક્ષ રજૂ કર્યો. મેજરે કહ્યું, 'અમને બદનામ કરવામાં તેં તારી ચિત્રકળાને કલુષિત કરી છે. તારા ચિત્રોએ અમારી વિરુદ્ધ પ્રચાર કર્યો છે. બોલ, આ આક્ષેપો સાચા છે ?' સ્પેનિશ ચિત્રકારે જવાબ આપતા કહ્યું, 'હા, જી' મેજરે એની પાસે 'ગોર્નિકા' ચિત્રનું કેન્વાસ હતું. તે બતાવીને પૂછ્યું, 'બોલ આ ચિત્ર તેં જ દોર્યું છે ને ?' ચિત્રકારે કહ્યું, 'હા. આ ચિત્ર, ખૂબ લોકપ્રિય છે. સ્પેનિશ આંતરવિગ્રહ વખતે તમારાં જર્મની વિમાની દળોએ જે ભયંકર વિનાશ વેર્યો હતો એનું મેં એમાં આબેહૂબ આલેખન કર્યું છે.' જર્મન મેજરે કહ્યું, 'આ ચિત્ર દ્વારા તેં અમારી કેટલી બદનામી કરી છે ? ચિત્રકારે કહ્યું, 'મેં બદનામી નથી કરી. બદનામી તો તમારે હાથે આ ભયંકર સંહાર કરીને તમે પોતે જ કરી છે. તમે આ કૃત્ય જ ન કર્યું હોત તો મને મારા ચિત્ર માટે આ વિષય જ કયાંથી મળત ? તમે હજ્જારો નિર્દોષ પ્રજાજનોનો ભયંકર સંહાર કર્યો છે. મેં તો માત્ર ચિત્રમાં તેનું આલેખન કર્યુ છે. આ મૂળ સર્જન તમારું છે. મેં તો માત્ર પ્રતિબિંબ પાડ્યું છે.'' નાઝી મેજર ચિત્રકારનો નિર્ણય જવાબ સાંભળી સ્તબ્ધ થઈ ગયો.

# રામજન્મભૂમિ મંદિરની લાઈન ક્લિયર

**તંત્રીસ્થાનેથી...**

સર્વોચ્ચ અદાલતના વડા ન્યાયમૂર્તિ રંજન ગોગોઈની અધ્યક્ષતાવાળી પાંચ ન્યાયાધીશોની પીઠ દ્વારા અગાઉથી નિર્ધારિત સમયમર્યાદા મુજબ રામજન્મભૂમિ - બાબરી વિવાદની સુનાવણી બુધવાર, તા.૧૬ ઑક્ટોબરની સાંજે પાંચ વાગ્યે પૂર્ણ થઈ ગઈ છે. હિંદુ અને મુસ્લિમ ધર્મના પક્ષકારો વતી એમના વકીલોએ કલાકો લગી લાંબી દલીલો ચલાવીને આખરે જસ્ટિસ ગોગોઈના ઠપકા સાથે વિદાય થઈ જવું પડ્યું છે. મુસ્લિમ પક્ષના વકીલ ધવને તો ઑક્સફર્ડ યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત નકશાના મુખ્ય ન્યાયમૂર્તિની હાજરીમાં જ લીરા ઉડાડી દીધા. આવું દશ્ય સર્વોચ્ચ અદાલતે કદાચ પહેલી જ વાર નિહાળ્યું હશે. મુખ્ય ન્યાયમૂર્તિએ નારાજગી પણ વ્યક્ત કરી. પરંતુ હવે બેઉ પક્ષોએ અદાલત જે નિર્ણય આપે તે સ્વીકારવાનો છે. છેક ૧૫૨૭માં બનેલી બાબરી મસ્જિદ એક રીતે મોગલ કાલીન હેરિટેજ આઈટમ હતી. પરંતુ બાબરના આદેશી આ એના સૂબાએ તે મંદિર તોડીને બનાવી હોવાની પૂરી શક્યતા છે. મુસ્લિમ પક્ષ માને છે કે એ સમતળ જમીન પર બનાવાઈ હતી અને ત્યાં કોઈ મંદિર નહોતું. પુરાતત્ત્વ વિભાગે તો એ સ્થળ પ્રાચીન મંદિરના અવશેષો પણ શોધી કાઢ્યા છે. જે સ્તંભો મળ્યા છે તેના પર ચિત્રો છે, જે ઈસ્લામિક પરંપરા મુજબ મસ્જિદોમાં નિષિદ્ધ છે. હિંદુ પક્ષની માન્યતા અનુસાર ૧૯૯૨ની છઠ્ઠી ડિસેમ્બરે ધ્વસ્ત કરાયેલી મસ્જિદના ગુંબજ નીચેની જગ્યા પર રામજન્મભૂમિ છે. કોઈ વળી એની બહાર આવેલ રામ ચબૂતરાને રામનું જન્મસ્થળ માને છે. પરંતુ હિંદુઓની જુગજૂની આસ્થાનો પ્રશ્ન હતો અને એથી વારંવાર બે સમુદાયો વચ્ચે ઝઘડો થતો રહેતો એ હકીકત છે. બ્રિટીશ રાજ વખતે આ ઝઘડો ડામી દેવા માટે મસ્જિદની નીચેના રામજન્મભૂમિના વિસ્તારની આસપાસ તારની વાડ બનાવાઈ હતી અને હિંદુઓને પૂજાની છૂટ અપાઈ હતી. રાજીવ ગાંધીએ પ્રતિબંધિત રામજન્મભૂમિનાં તાળાં ખોલાવ્યાં હતાં, એ પછી ભારતીય જનતા પાર્ટી એ વિશ્વ હિંદુ પરિષદ સહિતનાં સંગઠનોએ આંદોલન એટલું તીવ્ર કક્ષાએ પહોંચાડ્યું હતું કે આખરે અડવાણીના નેતૃત્વ હેઠળ નીકળેલ સોમનાથથી અયોધ્યા સુધીની રથયાત્રાએ દેશ આખામાં ભારે ધ્રૂજારો ઊભો કર્યો હતો. ભાજપને સત્તા પર આણનારું હિંદુત્વનું મોજું બાબરી ધ્વંસ પછી સરજાયું હતું. બાબરી ધ્વંસને વાજપેયી અને અડવાણી સહિતના નેતાઓએ કમનસીબ ઘટના ગણાવી હતી જયારે ઉમા ભારતી જેનાં બીજી હરોળના નેતા-નેતીઓએ એનું ગૌરવ લીધું હતું. જસ્ટિસ લિબરહાન પંચે અડવાણી અને મુરલીમનોહર જોષી સહિત ઘણા નેતાઓને દોષિત ઠેરવ્યા હતા. કોકડું ઉકેલવાના પ્રયાસોમાં હાઈકોર્ટ દ્વારા જમીનના ટુકડાને ત્રણે પાર્ટીઓ વચ્ચે સરખા ભાગે વહેંચવાનો આદેશ થેયલો પરંતુ એની સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ થતાં હવે ઘણા લાંબા સમય બાદ અદાલત જે નિર્ણય આપશે તે સ્વીકારવા ત્રણે અરજદારો - સુન્ની વક્ફ બોર્ડ, રામલલ્લા વિરાજમાન અને નિર્મોહી અખાડો તૈયાર થયા છે. દરમિયાન સમાધાનથી ઉકેલ આણવા માટે સુપ્રીમ કોર્ટ દ્વારા જ રચાયેલ પેનલ સમક્ષ છેલ્લે સુન્ની વક્ફ બોર્ડ પોતાનો હક જતો કરી આ જમીન મંદિર માટે સોંપવા સહમત થયું હોવાના સમાચાર છે. ટૂંકમાં ફેંસલો રામલલ્લાની તરફેણમાં આવે કે ન આવે, પરંતુ 'મંદિર વહીં બનાયેંગે' નું કારસેવકોનું સપનું સાકાર થાય એવી તમામ સંભાવનાઓ છે. ભગવાન રામચંદ્ર જેવા આદર્શ મહાનાયકના નામે આટલો વિવાદ થાય, લોહી રેડાય, અયોધ્યા જેવી શાંત નગરી (યુદ્ધમાં સામેલ ન થાય તે 'અયોધ્યા') યુદ્ધનું મેદાન બની જાય, રામલલ્લાની સુરક્ષા માટે હજારો સૈનિકો તૈનાત કરવા પડે, શેરીએ શેરીએ કરફ્યુ કે ૧૪૪ કલમ લગાડવી પડે તે કેવી વિડંબના છે ! પરંતુ આ આપણી નિયતિ છે. સાચું છે - 'પ્રજા તો રાજા રામની પણ થઈ નહોતી!' - આજે પણ રામને રાજકારણનું પ્યાદું બનાવી શકે એ આ દેશ !

# નંદિગ્રામને દ્વારેથી...

## અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા



અયોધ્યાથી દક્ષિણે એક જોજનને અંતરે નંદિગ્રામ હતું. ત્યાં ભરત નાનકડી પર્ણકુટિરમાં રહેતો હતો. તપસ્વી જીવન જીવે. કુશની પથારીમાં સૂવાનું. વલ્કવ પહેરવાનાં. ભોજનમાં - ગૌમૂત્રમાં બાપેલા જવ, કંદમૂળ અને ફળો. રાજ્યાસન ઉપર શ્રીરામની ચાખડી રાખે. રાજ્યાશન સરસ સંભાળે. રાજકોશમાં દશ ગણો વધારો થઈ ગયો.



આજે આસો વદ અગિયારસ હતી. એણે ચિતા પ્રગટાવી. શત્રુઘ્નને કહ્યું, 'ચૌદ વરસ હમણાં પૂરા થશે. આજે હવે થોડો સમય જ રહ્યો છે. રામ સત્યવાદી છે. એ આવી જ ગયા હોય. ચોક્કસ અશુભ થયું છે. એના વિના મારાથી નહિ જીવાય. હું અગ્નિપ્રવેશ કરીશ. ચૌદ વરસ પછી રાજ્ય ઉપર મારો અધિકાર નથી. તું અયોધ્યા જા અને રાજ્ય સંભાલી લે.'

શત્રુઘ્ન એને એટકાવતો હતો, ત્યાં એક યુવાન બ્રહ્મચારીએ પ્રવેશ કર્યો. એણે ચિતા ઠારી દીધી. ભરતને કહ્યું, 'આની હવે જરૂર નથી. શ્રીરામ અહીં આવી જ રહ્યા છે.' ભરતને વિશ્વાસ ન પડ્યો. બ્રહ્મચારીએ પોતાનું અસલ રૂપ પ્રગટ કર્યું. એ હનુમાન હતા.

હનુમાનને આશ્ચર્ય થયું. એને રામ આદેશ આપેલો - 'તું ભરતને મારા આવવાના સમાચાર આપશે. એના ચહેરાના ભાવો વાંચજે. તમે એમ લાગે કે ભરતને રાજ્ય છોડવું નથી - સત્તાનો મોહ કે કૈકેયીની પ્રેરણા કદાચ હોય. તો એ ભલે રાજ્ય સંભાળે.' એણે તો વિપરીત જોયું. 'રામના અશુભની શંકામાત્રથી ભરત પ્રાણ આપી રહ્યા છે.'

ભરત વિજેતા રામના સમાચાર સાંભળીને હર્ષાવેશમાં આવી ગયો. પ્રસન્નતાથી હનુમાનને ગાયો અને ગ્રામોની ભેટ આપી દીધી.

ભરતે અયોધ્યા સમાચાર મોકલ્યા. ગામ આનંદને હિલોળે ચડ્યું. કુલગુરુ વસિષ્ઠ, માતાઓ, મંત્રીઓ - બધા નંદિગ્રામ આવી ગયા. રામના દર્શન ન થયા, એટલે હનુમાનને કહ્યું, 'ખરેખર આવે છે ને? તમે કોઈ વાનરવેડા કરતાં નથી ને ?'

ત્યાં આકાશમાં ઘરઘરાટી થઈ. પુષ્પકવિમાન દેખાયું. ભરત સામે ગયો. વિમાન ઊભું રહ્યું. રામે ભરતને આલિંગન આપ્યું. ભરત પગે પડ્યો. ભરતના હર્ષ અશ્રુથી રામના ચરણ ભીંજાયા અને રામના અશ્રુથી ભરતનું મસ્તક.

ભરત સૌને પર્ણકુટિમાં દોરી ગયો. પોતે સ્વહસ્તે ચાખડી રામને પહેરાવી. રાજ્ય સંભાળી લેવા નમ્ર વિનંતી કરી. કુલગુરુ વસિષ્ઠને દોરવણી મુજબ રામને રાજસી પહેરવેશ કરાવ્યો. માતાઓએ સીતાને મહારાણીને અનુરુપ પહેરવેશ કર્યો. માતાઓને ત્રણેયને મળીને બેહદ ખુશી હતી.

રામે પુષ્પકવિમાનને ઉત્તર દિશામાં ધનપતિ કુબેર પાસે મોકલી આપ્યું. હવે એની જરૂર ન હતી.

રામને ભરત માટે ખૂબ આનંદ થયો. પોતે તપસ્વી જીવનનાં કષ્ટ વેઠ્યાં. પરંતુ રાજ્યનું શાસન એકદમ સરસ રીતે સંભાળ્યું, રાજકોશમાં વૃદ્ધિ કરી.

શત્રુઘ્નએ નંદિગ્રામથી અયોધ્યાનો માર્ગ સરખો કરાવ્યો. એમાં શીતળ અને સુગંધી જળનો છંટકાવ કરાવ્યો. રસ્તો ધજાકાપતાકા અને ફૂલમાળાથી શણગાર્યો.

શ્રીરામનો રથ પર્ણકુટિથી અયોધ્યા જવા નીકળ્યો. રથની લગામ ભરતે સંભાળી. શત્રુઘ્ને રામને મસ્તકે શ્વેત રાજછત્ર ધારણ કરી રાખ્યું. લક્ષ્મણ અને વિભીષણ બંને બાજુએ ચામર વીંઝતા હતા.

આ રીતે આસો સુદ અગિયારસ શ્રીરામ સાથેના ભરત મિલાપનો યાદગાર દિવસ બની રહ્યો.

(આ લેખમાલામાં આ લેખ ૨૦૨મો છે. મૂલ્યનિષ્ઠ અખબાર ગાંધીનગર સમાચારના સુજ્ઞ વાચકો, કર્તવ્યનિષ્ઠ કર્મચારી મિત્રો અને માનનીય તંત્રીશ્રીનો અંતઃકરણપૂર્વક આભાર.)

# ભારતમાં આક્રમક રાષ્ટ્રવાદના જનકનું બિરુદ કોને આપવામાં આવ્યું છે?

## ખજાનો

અનિલ પટેલ



### સ્વતંત્રતા સંગ્રામનો ઈતિહાસ

૧ નેતાજી સુભાષચંદ્ર બોઝે 'આઝાદ હિંદ ફોઝ'નું પુનર્ગઠન કયા દેશણાં કર્યું હતું ?
(અ) મલેશિયા (બ) ઈન્ડોનેશિયા
(ક) બ્રહ્મદેશ (ડ) સિંગાપોર

૨ દાંડીયાત્રા વખતે ભારતના વાઈસરોય કોણ હતા ?
(અ) લોર્ડ ઈરવિંગ (બ) લોર્ડ વેલેસ્લી
(ક) લોર્ડ માઉન્ટબેટન (ડ) લોર્ડ કર્ઝન

૩ ૫ ફેબ્રુઆરી ૧૯૨૨ના રોજ કઈ ઘટના બની હતી ?
(અ) રૉલેટ એક્ટ પસાર થયો (બ) ચૌરાચોરીની ઘટના
(ક) અહમદીયા આંદોલન શરૂ થયું (ડ) મોપલા વિદ્રોહ થયો

૪ ગાંધી-ઈરવિન કરાર કયારે કરવામાં આવ્યો હતો ?
(અ) ૮ માર્ચ ૧૯૩૧ (બ) ૧૭ નવેમ્બર, ૧૯૩૨
(ક) ૨૦ ઑક્ટોબર, ૧૯૨૦ (ડ) ૧ નવેમ્બર, ૧૯૧૩

૫ ઈ.સ. ૧૯૨૯ના લાહોર-કોંગ્રેસ અધિવેશનનું અધ્યક્ષ સ્થાન કોણે શોભાવ્યું હતું ?
(અ) મહાત્મા ગાંધી (બ) લોકમાન્ય તિલક
(ક) અરવિંદ ઘોષ (ડ) જવાહરલાલ નહેરુ

૬ જલિયાવાલા બાગ હત્યાકાંડના વિરોધમાં ગાંધીજીએ કઈ પદવી પાછી આપી દીધી હતી ?
(અ) કેસર-એ-હિંદ (બ) કેશરી હિન્દ
(ક) ભારતરત્ન (ડ) શેર-એ-હિન્દ

૭ 'ચલો દિલ્હી'નો નારો કોણે આપ્યો હતો ?
(અ) સરદાર પટેલ (બ) મહાત્મા ગાંધી
(ક) જવાહરલાલ નહેરુ (ડ) સુભાષચંદ્ર બોઝ

૮ રાજારામ મોહનરાયનું અવસાન કયારે થયું હતું ?
(અ) ૧૮૨૦ (બ) ૧૮૩૦
(ક) ૧૮૩૩ (ડ) ૧૮૩૭

૯ ત્રણેય ગોળમેજી પરિષદમાં કયા મહાનુભાવે ભાગ લીધો હતો ?
(અ) મહાત્મા ગાંધીજી (બ) જવાહરલાલ નહેરુ
(ક) સરદાર પટેલ (ડ) ડૉ. આંબેડકર

૧૦ મરાઠી અકબાર 'કેસરી' ના પ્રથમ તંત્રી કોણ હતા ?
(અ) ગોપાલકૃષ્ણ ગોખલે (બ) વિનોબા ભાવે
(ક) બાલ ગંગાધર તિલક (ડ) મદનમોહન માલવિયા

૧૧ કૂકા વિદ્રોહની આગેવાની કોણે લીધી હતી ?
(અ) સોહનસિંહ ભાક્તા (બ) ગુરુરામ સિંહ
(ક) ખુદીરામ બોઝ (ડ) ઉધમસિંહ

૧૨ કોઠારી ટ્રેન કાંડ કયારે થયો હતો ?
(અ) ઈ.સ. ૧૯૨૦ (બ) ઈ.સ. ૧૯૨૫
(ક) ઈ.સ. ૧૯૧૩ (ડ) ઈ.સ. ૧૯૧૫

૧૩ ભારતમાં આક્રમક રાષ્ટ્રવાદના જનકનું બિરુદ કોને આપવામાં આવ્યું છે ?
(અ) બાળગંગાધર તિલક (બ) વિનોબા ભાવે
(ક) મહર્ષિ અરવિંદ (ડ) સુભાષચંદ્ર બોઝ

૧૪ કોમાગાટામારુ વહાણના યાત્રીઓના નેતા કોણ હતા ?
(અ) રાજા મહેન્દ્ર પ્રતાપ (બ) લક્ષ્મી સહેગલ
(ક) સોહનસિંહ ભાકના (ડ) બાબા ગુરુહિતસિંહ

૧૫ ભારતમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું શાસન કયારે સમાપ્ત થયું ?
(અ) ઈ.સ. ૧૮૫૦ (બ) ઈ.સ. ૧૮૫૭
(ક) ઈ.સ. ૧૮૫૮ (ડ) ઈ.સ. ૧૮૬૫

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- **૧૮ ઓક્ટોબર : ગૂજરાત વિદ્યાપીઠ - સ્થાપના દિવસ**
  - મહાન વૈજ્ઞાનિક થોમસ આલ્વા એડિશનનું નિધન (૧૯૩૧)
  - અભિનય સમ્રાટ ઓમપુરીનો જન્મદિવસ (૧૯૫૦)
  - મહારાષ્ટ્રના આદ્ય સુધારક મહાત્મા જયોતિરાવ ફૂલેની જન્મજયંતિ (૧૮૨૭)
  - બ્રિટીશ બ્રોડકાસ્ટીંગ કોર્પોરેશન (બીબીસી)ની સ્થાપના દિવસ (૧૯૨૨)
- **૧૯ ઓક્ટોબર : માનવ ગૌરવ દિવસ**
  - સ્વાધ્યાય પ્રવૃત્તિના પ્રણેતા, પાંડુરંગ આઠવલેનો જન્મદિવસ (૧૯૨૦)
  - ભારતના એસ. ચંદ્રશેખરને નોબેલ પુરસ્કાર મળ્યો (૧૯૮૩)
  - સમાજ સુધારક, લેખક, ન્યાયવિદ લાભશંકર દવેની પુણ્યતિથિ (૧૯૧૨)
  - ગઝલકાર અને પત્રકાર અબ્બાસ અબ્દુલ વલી વાઝી 'મરીઝ' ની પુણ્યતિથિ (૧૯૮૩)
- **૨૦ ઓક્ટોબર :**
  - 'સરસ્વતીચંદ્ર'ના સર્જક ગોવર્ધનરામ ત્રિપાઠીનો જન્મદિવસ (૧૮૫૫)
  - સાહિત્યકાર જયંત પાઠકનો જન્મદિવસ (૧૮૨૦)
  - ચીને ભારત પર હુમલો કર્યો (૧૯૬૨)
  - ધનસુખલાલ મહેતાની જન્મજયંતિ (૧૮૯૦)
- **૨૧ ઓક્ટોબર : પોલીસ સ્મૃતિદિન**
  - એથ્લેટિક્સમાં તથા ફિલ્મોમાં નામના મેળવનાર અશ્વિની નાચપ્પાનો જન્મદિવસ (૧૯૬૭)
  - ઈંગ્લેન્ડમાં સુપર માર્કેટ (મોલ) શરૂ કરનાર એલન સેન્સબરીનું નિધન (૧૯૯૬)
  - જયપ્રકાશ નારાયણે કોંગ્રેસ સોશિયાલીસ્ટ પાર્ટીની રચના કરી (૧૯૩૪)
  - સિંગૂરમાં સુભાષચંદ્ર બોઝ આઝાદદિનની સરકારની સ્થાપના કરી (૧૯૪૩)
- **૨૨ ઓક્ટોબર :**
  - નોબેલ પુરસ્કાર વિજેતા 'ડોરિસ બેસીંગ'નો જન્મદિવસ (૧૯૧૯)
  - ભાખરા નાંગલ બંધ ખુલ્લો મુકાયો (૧૯૬૩)
  - ભારતમાં પહેલું મૂનમિશન ચંદ્રયાન-૧ છોડવામાં આવ્યું (૨૦૦૮)
  - દમદાર ચરિત્ર અભિનેતા કાદરખાનનો જન્મદિવસ (૧૯૩૬)
- **૨૩ ઓક્ટોબર :**
  - રાજયના પૂર્વ કાનૂનમંત્રી દિવ્યકાન્ત નાણાવટીનો જન્મદિવસ (૧૯૨૩)
  - રામચરિત માનસના રચયિતા તુલસીદાસનો સ્વર્ગવાસ (૧૬૨૩)
  - રશિયન લેખક બોરિસ પસ્તરનાઠને સાહિત્યનું નોબેલ પારિતોષિક મળ્યું (૧૯૬૮)
- **૨૪ ઓક્ટોબર : સંયુક્ત રાષ્ટ્રદિવસ**
  - ગોંડલ નરેશ ભગવતસિંહજીનો જન્મદિવસ (૧૮૬૫)
  - પ્રવાસ લેખક તરીકે જાણીતા રસિક ઝવેરીનો જન્મદિવસ (૧૯૧૧)
  - આયર્લેન્ડની સ્વાતંત્ર્ય-લડતના પુરસ્કર્તા એમન-દ-વેલેરાની જન્મજયંતિ (૧૮૮૨)
  - હરજી બ. દામાણી 'શયદા'ની જન્મજયંતિ (૧૮૯૨)

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના કોણે અને કયારે કરી હતી?**
**જવાબ : મહાત્મા ગાંધીજીએ ૧૯૨૦માં**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ - ૧૨૨૨/૨, સે-૭ડી, (૨) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૩) મહેશ જાદવ : ગૂ. વિદ્યાપીઠ, (૪) હાર્દિક આર મકવાણા : સે-૨૪, (૫) આકાશ જી. પટેલ : સરગાસણ, (૬) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ, (૭) રૂચિત આર પટેલ : રાંદેસણ

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**સરદાર સરોવર ડેમનો શિલાન્યાસ કયારે અને કોના હસ્તે કરવામાં આવ્યો હતો?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# મંદી અને મારામારી !

## હળવે હૈયે

પ્રકાશ લાલા



'પનુભાઈ, હવે તમારે તમારાં વાઈફને 'વોર્નિંગ' આપી દેવી પડશે...'

સવારના ક્રમાનુસાર અમારે હિંચકે બેસી, ચાનો કપ જ આવે ત્યાં સુધી, અમારું જ છાપું વાંચતા બેઠેલા લાલાકાકા અચાનક બોલી ઊઠ્યા.

'વોર્નિંગ?' અમે આવો કડક - ભયપ્રેરિત શબ્દ સાંભળી ચમક્યા : 'શેની વોર્નિંગ, અંકલ ?'

'એ જ વોર્નિંગ કે આ લેડિઝો સાડી ખરીદવા જાય ત્યારે હવે ધ્યાન રાખે... સાડીની દુકાનમાં બહુ સુધી સાડીઓ કઢાવી, કલર-ડિઝાઈન-કાપડ બાબત વેપારીનું માથું પકવી નાખ્યા પછી ખરીદી કર્યા વિના ઊભાં ન થઈ જાય કે ભાવતાલમાં ઝાઝી રકઝક - કચકચ ના કરે...'

'પણ કેમ ?' રેડ અંકલની વાત ન સમજાતાં અમે પૂછ્યું : 'સાડી-કાપડ-કપડાંની દુકાનમાં જઈ, આવું બધું કરવું એ તો બહેનોનો સ્વભાવ ને જન્મસિદ્ધ અધિકાર છે. વળી, વેપારીઓ પણ આ જાણતા જ હોય છે તો પછી...'

'પણ હવે નહીં ચાલે... પનુભાઈ, લો આ સમાચાર વાંચો...' કહેતાં લાલાકાકાએ અખબારના એક પાના પર કોર્નરમાં છપાયેલા એક નાનકડા સમાચાર બતાવ્યા...

સમાચાર હતા : અમદાવાદના એક પરા વિસ્તારમાં એક બહેન એમના પતિદેવ સાથે સાડીની દુકાને ગયાં... બહેને સ્ત્રીસહજ સ્વભાવનુસાર ઢગલાબંધ સાડીઓ જોઈ, દરેકના ભાવ પૂછ્યા... વેપારીને કલાકની કસરત કરાવ્યા પછી બે સાડી પસંદ કરી દુકાનદારે બે સાડીના રૂા. ૧૩૦૦ કહ્યા. બહેને કહ્યું : એક હજારમાં આપો તો લઉં... નહીં તો નથી લેવી... એ સાંભળી પેલા દુકાનદારનો અને સાથે બેઠેલી એની પત્નીનો પિત્તો ગયો તે બંનેએ પેલાં બહેન અને એના હસબન્ડને ખૂબ મારા માર્યો...એનું કહેવું હતું કે તમારે સાડી ખરીદવી જ નહોતી... ખાલી 'ટાઈમપાસ' કરવાં જ આવ્યા હતાં ને અમારી પાસે ખોટી મજૂરી કેમ કરાવી ?

'અંકલ, આમ તો સાડી-કપડાં કે બહેનો માટેની ચીજ-વસ્તુઓના વેપારીઓ ખૂબ ધીરજબાબા, શાંત મગજના હોય છે. એ બધાં બહેનોના આવા સ્વભાવથી ટેવાયેલા હોય છે... તો આ દુકાનદારે આવું કેમ કર્યું હશે ?' અમને પ્રશ્ન થયો.

'મંદી, પનુભાઈ, મંદી... એક તો મંદીના લીધે ઘરાકી હોય નહીં, એમાં આવા ગ્રાહક મોટા પાયે માથું પકાવી નાખ્યા પછી, મહેનત કરાવ્યા પછી, દુકાનમાં લાઈટને પંખો બળાવ્યા પછી ય જરાય ખરીદી ના કરે તો વેપારીને ગુસ્સો જ ચઢે ને ! મંદા ધંધાનો - મંદીના મારનો ગુસ્સો - અકળામણ એણે પેલા દંપત્તિ ઉપર ઉતાર્યા...'

'સાચી વાત છે. મંદી હજી શું શું કરાવશે, ખબર નથી !'

'પનુભાઈ, એટલે જ કહ્યું કે વોર્નિંગ આપી દેજો... ને સાથે ખરીદીમાં તમારે જવું પડે તો ભલે કારમાં જાવ, તોય દુકાનમાં તો માથે હેલ્મેટ પહેરીને જ બેસજો... શું છે કે ન કરે નારાયણ ને આવી મારામારીનો વારો આવે તો હેલ્મેટ હોય તો થોડું ઓછું વાગે, બીજું શું ?' રેડ અંકલે અમને ઉપાય બતાવ્યો.

'તે અંકલ, તમારે સ્કૂટર નથી એટલે હેલ્મેટ કયાંથી હોય ? અંકલી - સૉરી કાકી સાથે સાડી ખરીદવા જવાનું થાય તો મારી હેલ્મેટ લેતા જજો પાછા...'

'ના, હો.... આપણે એવી નોબત નહીં આવે !!'

'કેમ, કેમ ?'

'કેમ શું ? પનુભાઈ, મેં તો તમારી કાકીને 'વોર્નિંગ' નહીં, કડક સૂચના આપી દીધી છે કે હમણાં ભયંકર મંદી છે એટલે નો સાડી-કપડાં કે બીજી એક્સ્ટ્રા ખરીદી.'

અમને થયું : કંજૂસ કાકાને તો મંદીના નામે ફાવતું જડી ગયું...

'પનુભાઈ, છોડો આ મંદી પુરાણ... એમાં તો



જે સૌનું થશે એ આપણું થશે !.. પણ કહો તમારે દિવાળીની સફાઈ થઈ ગઈ ?'

'હા... માંડ માંડ સફાઈ પૂરી કરી... ને સાથે હું ય પૂરો થઈ ગયો...' અમે નિસાસો નાખ્યો... પછી ઉમેર્યું : 'પણ અંકલ, સફાઈ કરતાં કરતાં એક સત્ય સમજાયું કે જેમ કેટલીક વાતો 'ન કહેવાય ને ન સહેવાય' એવી હોય છે... એમ ઘરના માળિયે - કબાટમાં વર્ષોથી કેટલીક વસ્તુઓ એવી પડી હોય છે કે 'જે ન ફેંકી દેવાય, ન રખાય...'

'તો શું કરવાનું ?'

'વધુ એક વરસ - આવતી દિવાળી સુધી પાછી પૅક કરીને મૂકી દેવાની... એ ચીજોનું ભાગ્ય જ એવું હોય છે...'

'હેં ?'